# વિન્ટેજ કારમાં સવારી નીકળી, ઢોલ-આરતી-માનતા સાથે બાપ્પાને વિદાય અપાઈ



■ ભારે હૈયે પણ શ્રદ્ધાના વિશ્વાસ સાથે ગણેશજીની વિન્ટેજ કારમાં વિસર્જન યાત્રા કાઢી વિસર્જન કરાયું.



■ ગણેશજીની સાથે ગૌરીનું પણ ભક્તો દ્વારા વિસર્જન કરવામાં આવ્યું.



■ વિસર્જન કરતાં પહેલા રસ્તા પર જ છેલ્લી આરતી કરી ભક્તોએ બાપ્પાને વિદાય આપી.





■ હેલમેટ પહેરીને બાપ્પાને ઢોલ વગાડી કહેવાયું, 'પુઢચ્યા વર્ષી લવકર યા…'





■ બાપ્પાના ભક્ત શ્વાને પણ પગે લાગીને અંતિમ વિદાય આપી.



■ વિસર્જન પહેલા ગણેશજી પર દૂધનો અભિષેક

## સાત દિવસમાં મનપાના કૃત્રિમ તળાવોમાં 7836 ગણેશ પ્રતિમાનું વિસર્જન

સુરતઃ સુરત શહેરમાં ગણેશોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવે છે. હવે સોસાયટીના પંડાળોથી લઈ ઘરે ઘરે પણ સુરતમાં ગણપતિજીની સ્થાપના મોટા પાયે થઈ રહી છે. મુંબઈ બાદ દેશમાં સૌથી વધુ ધામધૂમથી ગણેશોત્સવની ઉજવણી સુરતમાં કરવામાં આવે છે. 27મી ઓગસ્ટે વિઘ્નહર્તાની રંગેચંગે પધરામણી બાદ વિસર્જન યાત્રા પણ ઢોલ-નગારાઓની ગાજવીજ સાથે ધામધૂમથી યોજાઈ રહી છે. છેલ્લા સાત દિવસમાં શહેરના 9 ઝોનમાં મળીને કુલ 7836 ગૌરી-ગણેશ પ્રતિમાનું વિસર્જન મહાપાલિકાના કૃત્રિમ તળાવોમાં કરવામાં આવ્યું છે. માત્ર સાતમાં દિવસે (2 સપ્ટેમ્બર, મંગળવાર) સાંજ સુધીમાં જ 150થી વધુ પ્રતિમાઓનું વિસર્જન થયું હતું. સુરત મહાનગરપાલિકાના આંકડા મુજબ સૌથી વધુ ઉધના-એ ઝોનમાં 1300 પ્રતિમાનું વિસર્જન નોંધાયું છે. જ્યારે વરાછા-એ ઝોનમાં સૌથી ઓછી માત્ર 185 પ્રતિમાનું વિસર્જન નોંધાયું છે.

**વિસર્જન થયેલી પ્રતિમાઓની સંખ્યા**

| અઠવા | સેન્ટ્રલ | વરાછા-એ | વરાછા-બી | લિંબાયત | ઉધના-એ | ઉધના-બી | રાંદેર | કતારગામ |
|---|---|---|---|---|---|---|---|---|
| 390 | 604 | 146 | 359 | 1347 | 1330 | 273 | 1807 | 1705 |

# ક્યાંક ગામડું, તો ક્યાંક મોઢાથી પેઈન્ટિંગના ગણેશ...

## ગામની શેરી, ઓસરી, કૂવો અને છાણથી લીંપણ કરી ગણેશ મંડપમાં ગામડું જીવંત કરાયું


રાંદેરના અંબાજી ચકલા નવયુવક મંડળે ગણેશોત્સવમાં ગામડાંનો જીવંત સેટ બનાવી તેમાં બાપ્પાની સ્થાપના કરી છે. ગામની શેરી, ઓસરી, ઘર આગળ રોપાયેલા છોડ, કૂવો અને ગાડું–આ બધું જ અહીં પુનઃસર્જાયું છે. ઘરના પ્રવેશદ્વારે તુલસીનો ક્યારો, અંદર ખાટલો, સંદૂક, બાંકડા અને ટેબલ સાથેનું અદ્દલ દૃશ્ય રજૂ કરાયું છે. દીવાલો છાણથી લીંપેલી બતાવવા શણના કાપડનો ઉપયોગ કરી તેની પર વારલી પેઇન્ટીંગ કરવામાં આવ્યું છે.



## ઉધનામાં હાથ ગુમાવનાર દિવ્યાંગ કલાકારે મોઢા અને પગથી શ્રીજીનું પેઇન્ટિંગ બનાવ્યું

ઉધનાના મહાદેવનગર ખાતે બન્ને હાથ ગુમાવનાર દિવ્યાંગ કલાકાર મનોજ ભીંગારેએ પોતાના મોઢા અને પગ વડે બાપાની પ્રતિમાને કાગળ પર ઉતારીને સૌને સ્તબ્ધ કરી દીધા હતા. આયોજકોને માહિતી મળી હતી કે મનોજભાઈ, જેમણે બંને હાથ ગુમાવ્યા છે, તેઓ મોઢા અને પગ વડે અદભૂત પેઈન્ટિંગ બનાવે છે. તેમને પ્રોત્સાહન આપવા અને તેમની કલા ગણેશ ભક્તો સુધી પહોંચે તે માટે આયોજકોએ તેમને મંડપમાં આમંત્રિત કર્યા. મનોજ ભીંગારે ડિંડોલી ખાતે રહે છે. તેઓ માત્ર 10 વર્ષના હતા ત્યારે અકસ્માતમાં બંને હાથ ગુમાવી બેઠા હતા. જોકે, તેમણે આ પડકાર સામે હિંમત ન હારી. બાળપણથી જ પેઈન્ટિંગ પ્રત્યે રસ હોવાથી પગ અને મોઢાથી પીછી પકડીને ચિત્ર બનાવવાની શરૂઆત કરી. સતત પ્રયત્નો બાદ તેઓ આ કળામાં નિષ્ણાત બની ગયા. આજે તેઓ મોઢા અને પગ વડે બાપાની અદભૂત છબીઓ રચી રહ્યા છે.







## ડબગરવાડમાં ઈન્ડોનેશિયાના ગણેશજીની પ્રતિમાએ વિદેશની સંસ્કૃતિ જીવંત કરી

ડબગરવાડમાં રેણુકા યુવક મંડળ દ્વારા છેલ્લા 25 વર્ષથી વિશ્વના અલગ-અલગ દેશોના થીમ પર આધારિત ગણેશજીની પ્રતિમાની સ્થાપના કરવામાં આવે છે. આ વર્ષે ઈન્ડોનેશિયા દેશની કલાત્મક શૈલીમાં બાપ્પાની ભવ્ય પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. મંડળના આગેવાન સતીશભાઈ છત્રીવાલાએ જણાવ્યું કે છેલ્લા અઢી દાયકાથી સતત એશિયાના વિવિધ દેશો જેવા કે શ્રીલંકા, બાલી ટાપુ, ચાઈના, બોર્નિયા, સુમાત્રા ટાપુ, મલેશિયા, થાઈલેન્ડ, બેન્કોક અને પટાયા જેવા અનેક દેશોના થીમ પર આધારિત ગણપતિની સ્થાપના કરવામાં આવી છે. સુરતના અનુભવી કલાકારો ઝીણામાં ઝીણાં ડિઝાઈનથી માંડીને રંગકામ સુધી અત્યંત ચિત્તપૂર્વક કામ કરે છે. તેમની કળા કારણે પ્રતિમા જીવંત લાગતી હોય છે. એક પ્રતિમાને તૈયાર કરવા માટે સરેરાશ એકથી બે મહિના જેટલો સમય લાગી જાય છે. ઈન્ડોનેશિયાની સંસ્કૃતિનો અહેસાસ કરાવતા આ વર્ષની ગણેશ સ્થાપના સુરતની ધાર્મિક તથા સાંસ્કૃતિક ઉજવણીમાં અનોખું સ્થાન ધરાવે છે.





તમે અમને સેલ્ફી મોકલી શકો છો

8153999903



**રમેશ ખાતટીવાલા,** 6, ફેરવે ડ્રાઈવ ,વૂરહીસ, એન.જે., U.S.A.



**હર્ષદ, અંજની, આદિ અને વિહા પટેલ,** ગુલાબવાડી, ડભોલી રોડ, સુરત.



**કેવિન, ક્રિશ, હર્ષ, ઉત્તમ,** ક્રિષ્નાપાર્ક સોસાયટી, નાના વરાછા, સુરત.



**પ્રકાશકુમાર નાનુભાઈ મોદી,** બાલાજી બંગ્લોઝ, ભીમરાડ.



**મિલોની ગોહિલ,** ૯ કિર્તીનગર સોસાયટી, ઉત્તરાણ,સુરત.



**અંજલી, હિઆન, ડેનિશ જીનવાલા,** બી-5 હરીઓમ નગર સોસાયટી, અડાજણ.



**સેલર ખુશ્બુ,** ટાઈટન ગ્રુપ, નીતા સોસાયટી, તાડવાડી, રાંદેર રોડ, સુરત.



**પ્રકાસ ચંદાની,** અક્ષર કુંજ એપાર્ટમેન્ટ ,સમિથિ સ્કુલ પાસે, ઉધના.



**કેતન બી. શાહ,** અંધેરી ઈસ્ટ ગણપતી મંડળ, મુંબઈ



**પ્રિયા અને રીટાદેવી મૌર્ય,** નંદવંદન ટાઉનશિપ, નવાગામ.



**ગાયકવાડ પરિવાર અને પઢેર પરિવાર,** 28, વિજયનગર સોસાયટી, વેડ રોડ,સુરત.



**રાજવીર ધવલ લાલા,** સુલતાનાબાદ, ડુમસ, સુરત.



**અર્ચના ઘીવાલા, પાયલ દેસાઈ,** પેલેડિયમ સ્કાય એપાર્ટમેન્ટ, અડાજણ, સુરત.



**પ્રજ્ઞેશ પટેલ,** ગોપાલ સ્ટ્રીટ, ક્વાસ, હજીરા, સુરત.



**કામિની આઈ. ભોયરાવાલા,** મસીડિયા શેરી, ભાગળ.



**જશુભાઈ પટેલ,** ગિરધરદ્વાર વિભાગ -3 ,અલથાણ



**હાર્દિક ઉપાધ્યાય,** મોઢેશ્વર મહાદેવ યુવક મંડળ, ગોપીપુરા હનુમાન ચાર રસ્તા.



**સંકેત કરજે,** તડકેશ્વર સોસાયટી, જૂના ભટાર.




**નિકુંજ જે. ગોહિલ,** બી-203 સાગર કોમ્પેલેક્ષ, હની પાર્ક, અડાજણ, સુરત.



**પ્રવેશ ભૂતરા,** સીલીકોન ફ્લેટ્સ, પર્વત પાટિયા ગામ.



**વસદેવ સધવાણી,** સીટીલાઈટ, સુરત.



**મનુભાઈ પાટડીયા,** શગુન હાઈટસ, કોઝવે-ભરીમાતા રોડ, સુરત.



**રાકેશ તરલિયા,** સાંઈ મોહન 1, વડોડ ,ભેસ્તાન.



**જેહાન શર્મા,** આરંભ ગ્રુપ, ગીતાનગર, સગરામપુરા.